દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ મુજબ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી તથા ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી હસ્તકના સંવર્ગોમાં દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા બાબત.

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક:- HD/MHK/e-file/8/2023/8240/A
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૦૬/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા. ૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:-38-16/2020-DD-III

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા. ૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:-30-12/2020-DD-III

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૧૨૦૧૯/ /છ-૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્ર ક્રમાંક:- અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)

**ઠરાવ:-**

વંચાણમાં લીધેલ ક્રમાંક:-(૧) તથા (૨) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ તથા તા.૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામાથી દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ મુજબ સરકારી સેવામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ આ જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે વંચાણમાં લીધેલ ક્રમાંક:-(૩) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતા હેઠળ પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

૨. વંચાણમાં લીધેલ ક્રમાંક:-(૪) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રની જોગવાઇ મુજબ ભારત સરકારના તા. ૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતા નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે. આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે.

૩. જે સંદર્ભે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી હસ્તકના મુખ્ય કલાર્ક, સિનિયર કલાર્ક અને જુનિયર કલાર્ક તથા ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી હસ્તકના સિનિયર કલાર્ક અને

જુનિયર કલાર્કને નીચેના પત્રક-અમાં દર્શાવેલ સંવર્ગોમાં ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના અને તા.૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ દિવ્યાંગતાના પ્રકારોને સમાન પ્રકારો માન્ય રાખવાની થતી હોઈ, વંચાણમાં લીધેલ ક્રમાંક:-(૩) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રની જોગવાઇ મુજબ કાળજી પૂર્વકની વિચારણાને અંતે નીચેના પત્રક-અમાં દર્શાવ્યા મુજબ દિવ્યાંગતાના પ્રકારો માન્ય રાખવામાં આવે છે.

૪. ઉક્ત ઠરાવ સમાનાંકી ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની તા.૦૫/૦૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પત્રક-અ

| ક્રમ | સંવર્ગનું નામ/વર્ગ | ભારત સરકારના તા. ૦૪/૦૧/૨૦૨૧ તથા તા.૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામાથી માન્ય રાખવામાં આવેલ દિવ્યાંગતાના પ્રકારો (Suitable Category of Benchmark Disability) | | | |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | | |
| | | A | B | C | D & E |
| ૧ | મુખ્ય કલાર્ક, વર્ગ-૩ | B, LV | D, HH | OA, OL, BL, BA, OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI, MD involving (a) to (d) above |
| ૨ | સિનિયર કલાર્ક, વર્ગ-૩ | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD involving (a) to (d) above |
| ૩ | જુનિયર કલાર્ક, વર્ગ-૩ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy, SD, SI | ASD(M), SLD, MI, MD involving (a) to (d) above |

**Code and functional classification:-** Blind(**B**), Low vision(**LV**)(**40-70**)%, Deaf(**D**), Hard of hearing(**HH**)(**40-70**)%], [Locomotor disabilitiy(**LD**):- one arm(**OA**), one leg(**OL**), both arm(**BA**), one arm one leg(**OAL**), both legs arms(**BLA**), both legs one arm(**BLOA**), Cerebral palsy(**CP**), Leprosy cured(**LC**), Dwrfism(**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy(**MDy**), Intellectual disability(**ID**), Specific learning disability(**SLD**), Mental illness(**MI**), [Austism Spectrum Disorder(**ASD**) **M**-Mild, **MoD**-Moderate], [Multiple Disabilities (**MD**) :- (Disabilities include in group **(a)** to **(d)**]. Spine Deformity(**SD**), Spine Injury(**SI**)

(રોનક મોદી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨. સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર ઠરાવ પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ-૨૦૨૪
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૪